બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હાથ ધરવા માટે સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૫૬-પ.એ.(મ)
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૨/૨૦૧૧

વંચાણમાં લીધાઃ-(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૪-મ, તા. ૧૬-૮-૯૪

(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૫-મ, તા. ૧૬-૮-૯૪

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૯૮-૪૧-મ, તા. ૧૪-૮-૯૮

(૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા. ૨-૭-૨૦૦૭

(૫) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૧-પ.એ.(મ), તા. ૧૨-૨-૨૦૦૯

(૬) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃ (જીએન-૮) પગર-૧૦૦૯-૨-પ.એ.(મ),તા. ૨૭-૨-૨૦૦૯

(૭) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૯-૩૮-પ.એ.(મ), તા. ૬-૪-૨૦૧૦

(૮) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૯-૫૩-પ.એ.(મ), તા. ૧૪-૧૦-૨૦૧૦

ઠ રા વઃ-

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ તારીખ ૧લી જાન્યુઆરી-૨૦૦૬ થી આમુખ(૬) માં દર્શાવેલ જાહેરનામા દ્વારા અમલમાં આવેલ છે. આ પગાર સુધારણાના પરિણામે આમુખ(૧) થી (૪) માં દર્શાવેલ ઠરાવો દ્વારા અમલમાં મુકવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) જે જગ્યાનો પગાર અથવા પગાર માળખાનો મહત્તમ તબકકો (રૂ. ૩૪,૮૦૦ વત્તા ૪૬૦૦) માસિક રૂ. ૩૯,૪૦૦/- કરતાં વધતો ન હોય તેવી જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

(૨)(ક) પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર માળખું, પરંતુ જે જગ્યા જુદા જુદા પગાર માળખાની એક થી વધુ બઢતીની જગ્યાઓ હોય તેવી જગ્યા પરના કર્મચારીઓ માટે, પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખાનો પગાર, બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના પગાર માળખાનો પગાર ગણાશે;

પરંતુ વધુમાં, બઢતીનું કોઇ પગાર માળખું ન હોય એવા કેસમાં તેના હાલના પગાર માળખાને મળતું આવતું પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું, આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું રહેશે;

પરંતુ વિશેષમાં, જુદા જુદા પગાર માળખાવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું, બઢતીના પગાર માળખાને બદલે, તેના હાલના પગાર માળખા સાથે મળતું આવતું આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર માળખું મળવાપાત્ર થશે.

(ખ) શિક્ષકોને નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૫-મ, તા. ૧૬-૮-૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯,૨૦ અને ૩૧ વર્ષે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

તા.૧-૧-૨૦૦૬ થી તા.૧-૭-૨૦૦૭ સુધી કર્મચારીઓને નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૪-મ, તા. ૧૬-૮-૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯,૧૮ અને ૨૭ વર્ષે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

તા.૨-૭-૨૦૦૭ થી કર્મચારીઓને નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા.૨-૭-૨૦૦૭ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૧૨ અને ૨૪ વર્ષે પ્રથમ અને દ્વિતિય ઉચ્ચતર પગાર માળખું ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

(૩) આ યોજના હેઠળ મળવાપાત્ર ઊંચામાં ઊંચું પગાર માળખું રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ના પગાર માળખાથી વધશે નહિ. આ પગાર માળખું રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર માળખું રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે વાળું હોય કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે. રૂ. ૬૫૦૦-૧૦૫૦૦ ના પગાર ધોરણનું સુધારેલ પગાર માળખું રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યા કે જેની બઢતીની જગ્યાનું પગાર ધોરણ સુધાર્યા પૂર્વેનું રૂ.૮૦૦૦-૧૩૫૦૦, રૂ.૮૦૦૦-૧૪૦૫૦ અને રૂ. ૮૫૦૦-૧૪૦૦૦ પગાર ધોરણ છે તે જો વર્ગ-૨ ની જગ્યાનું હોય તો વધુમાં વધુ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે અને જો આવી જગ્યા વર્ગ-૧ ની હોય તો રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ઉચ્ચતર પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે. રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યાઓના કેસમાં જો કોઇ બઢતીની જગ્યા ન હોય તો રૂ. ૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ઉચ્ચતર પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે.

(૪) આમુખ(૪) માં દર્શાવેલ ઠરાવના ફકરા-૨(૧૯) પ્રમાણે વર્ગ-૪ ના કર્મચારીઓને તા.૧-૧-૨૦૦૬ થી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ. ૪૪૪૦-૭૪૪૦ નું પે બેન્ડ વત્તા રૂ. ૧૪૦૦ ગ્રેડ પે અને બીજું ઉચ્ચતર પગાર ધોરણ રૂ. ૪૪૪૦-૭૪૪૦ નું પે બેન્ડ વત્તા રૂ. ૧૬૫૦ ગ્રેડ પે નું પાત્રતા અનુસાર મળવાપાત્ર થશે.

(૫) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ ના નિયમ-૧૩ પ્રમાણે પગાર બાંધણી કરવાની રહેશે.

(૬) આ મુજબ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ કે ત્યારબાદ ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ પાત્રતા ધરાવતા કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે. પગારની લેણી થતી રકમની ચુકવણી

ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ ના નિયમ-૧૬ મુજબ કરવાની રહેશે.

(૭) ઉચ્ચતર પગાર ધોરણ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી. સેઈલર)
નાયબ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુ. વિ. સ, સચિવાલય, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર,
નિરીક્ષકશ્રી.સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
આઈટી કો-ઓર્ડીનેટર

ઉપરોક્ત ઠરાવની નકલ નાણા વિભાગની વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે..

<u>પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ, ચ, પેન્શન અને ઝ શાખા</u>

* પત્ર દ્વારા

# અનુસૂચિ

(નાણા વિભાગના તા. ૧૮ /૦૨/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૫૬-પ.એ.(મ) સાથેની અનુસૂચિ)

| ક્રમ | તા. ૧-૧-૨૦૦૬ થી સુધારેલ પગાર માળખું (રૂ.) | | તા. ૧-૧-૨૦૦૬ થી સુધારેલ માળખા સામે મળવાપાત્ર ઉચ્ચતર પગારનું માળખું (રૂ.) | |
|---|---|---|---|---|
| | પે બેન્ડ | ગ્રેડ પે | પે બેન્ડ | ગ્રેડ પે |
| ૧ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ |
| ૨ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ |
| ૩ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ |
| ૪ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૫ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૬ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૭ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૮ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૯ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ |
| ૧૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૧૧ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૫૪૦૦ |

# બાંહેધરી પત્રક

(નાણા વિભાગના તા. ૧૮/૦૨/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૫૬-પ.એ.(મ) સાથેનું બાંહેધરી પત્રક)

આથી, નાણા વિભાગના તારીખ ૧૮-૦૨-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૫૬-પગાર એકમ(મ) હેઠળ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પગાર નક્કી થવાને લીધે, મને ચુકવાયેલ વધારાની રકમ, પગાર ધોરણો આખરી થયે મારી બાકી નીકળતી રકમ હોય તો તે, પરત કરવા સંમત થાઉં છું.

સ્થળઃ-

તારીખઃ-

સહીઃ-

નામઃ-

હોદ્દોઃ-

જ્યાં કામે રાખેલ
હોય તે કચેરીઃ-

મારી સમક્ષ સહી કરી

સહીઃ-

(બિન રાજ્યપત્રિત સરકારી કર્મચારીના કેસમાં) કચેરીના વડા

સહીઃ-

(રાજ્યપત્રિત અધિકારીના કેસમાં) અન્ય રાજ્યપત્રિત અધિકારી.